# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૬ તા.૩૦-૦૪-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય : પ્રજ્ઞા અભિગમ અંતર્ગત ધો.૧ અને ૨ના શિક્ષકોની તાલીમ યોજવા બાબત.
સંદર્ભ : ક્રમાંક:એસએસએ/ક્યુઈસેલ/૧/૨૦૨૨/૧૩૪૪૧-૫૦૮ તા.૩૦/૦૪/૨૦૨૨

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સમગ્ર શિક્ષા અંતર્ગત આગામી તા.૦૪/૦૫/૨૦૨૨ અને તા.૦૫/૦૫/૨૦૨૨ના રોજ પ્રાથમિક શાળાના ધો.૧ અને ૨ના(પ્રજ્ઞા અભિગમ) શિક્ષકો માટે બાયસેગના માધ્યમથી તાલીમનું આયોજન કરેલ છે. સદર તામીલ પ્રજ્ઞા અભિગમ, ધોરણ ૧ વિદ્યા પ્રવેશ અને ધોરણ ૨ લર્નિંગ લોસ બ્રિજકોર્ષ સ્વ-અધ્યયન પોથી તેમજ નિપુણ ભારત મિશન અંગેના વિષયોનું તાલીમ આપવામાં આવનાર છે. ધોરણ ૧ અને ૨ના શિક્ષકોને બાયસેગના માધ્યમથી શાળા કક્ષાએ બિનચૂક તાલીમ નિહાળવાની રહેશે. આ તાલીમમાં સી.આર.સી.કો.ઓ.,યુ.આર.સી.કો.ઓ. અને બી.આર.પી.પ્રજ્ઞાએ ફરજિયાત ઉપસ્થિત રહેવાનું રહેશે. તાલીમ પૂર્ણ થયા બાદ હાજર શિક્ષકોની સંખ્યા સી.આર.સી.કો.ઓ.ને મોકલી આપવાની રહેશે.

તા.૩૦-૦૪-૨૦૨૨

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી